**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને જાતિ પ્રમાણપત્રો આપવામાં તકેદારી અને ચોકસાઈ રાખવા બાબત.**
**- વિશેષ સૂચનાઓ.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક સશપ-૧૪૦૨-૧૪૪૪-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૬-૬-૨૦૦૫

**સંદર્ભ :**

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા. ૧-૪-૭૮.
(૨) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૨૨૪૫૮-હ, તા. ૧-૪-૭૮.
(૩) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૯૭૮-૨૪૩૮-(૭૯)-હ, તા. ૧૫-૨-૭૯.
(૪) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૮૬-૧૬૪૧-(૮૭)-અ, તારીખ: ૧૧-૧૧-૮૭.
(૫) સમાજ કલ્યાણ વિભાગના પરિપત્ર ક્રમાંક: સશપ-૧૪૯૩-૧૦૩૯-અ, તારીખ: ૩૦-૬-૯૪.
(૬) સમાજ કલ્યાણ વિભાગના પરિપત્ર ક્રમાંક: સશપ-૧૪૯૮-મં-૧૩૨-અ, તારીખ: ૨૫-૬-૯૮.
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૯-મ.૩૧-અ, તા. ૯-૩-૨૦૦૦.

**પ્રસ્તાવના :**

ગુજરાત સરકારે મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ: ૧-૪-૭૮ ના ઠરાવથી બક્ષી પંચની ભલામણોનો સ્વીકાર કરીને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારોને સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના લાભો આપવાનું ઠરાવેલ છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના આવા લાભાર્થી ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો આપવા માટે મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૨૨૪૫૮-હ, થી સક્ષમ અધિકારીઓ મુકરર કરવામાં આવ્યા છે. ત્યારબાદ રાજ્ય સરકારે આ સંદર્ભમાં વહીવટી જરુરિયાતો અનુસાર અવારનવાર જરૂરી સૂચનાઓ પણ પ્રસિધ્ધ કરેલ છે.

સરકારે તા. ૧-૪-૭૮ ના ઠરાવથી બક્ષી પંચની ભલામણોનો સ્વીકાર કર્યો ત્યારે

નિમેલા રાજય પછાતવર્ગ પંચની ભલામણો અનુસાર આ યાદીમાં ઉત્તરોત્તર વધારો થતાં હાલ ૧૩૭ જાતિઓ ( પરિશિષ્ટ-૧ ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે વર્ગીકૃત થયેલી છે અને આ યાદીમાં અવારનવાર વધારો થતો રહે છે. પરિણામે પ્રતિ વર્ષે આવા જાતિ પ્રમાણપત્રો આપવાની તથા તે અંગેની વહીવટી કામગીરી પણ ઉત્તરોત્તર વધતી રહે છે.

અનુભવે સરકારના ધ્યાન પર આવ્યું છે કે પછાત વર્ગોને પ્રાપ્ય શૈક્ષણિક તેમજ અન્ય વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં તથા સરકારી સેવાઓમાં અને વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતા લાભો મેળવવા માટે પછાત વર્ગો સિવાયની વ્યક્તિઓ ઘણીવાર ખોટા આધાર-પુરાવા રજૂ કરી અથવા ગેરરીતિઓ આચરીને પછાત વર્ગોનું ખોટુ પ્રમાણપત્ર મેળવી અનામતના લાભો મેળવવા પ્રયત્નો કરે છે. આ પરિસ્થિતિ ટાળવા અને યુક્તિ-પ્રયુક્તિથી કે જ્ઞાતિના ભળતા નામે પછાત વર્ગો સિવાયની અન્ય વ્યક્તિઓ ખોટુ પ્રમાણપત્ર મેળવી ન જાય તે માટે પૂરતી તકેદારી તથા કાળજી રાખવી જરુરી બની છે. ખોટા જાતિ પ્રમાણપત્રો મેળવી જેને લાભ મળવાપાત્ર નથી તેવી વ્યક્તિઓએ જાતિ પ્રમાણપત્રો મેળવ્યા હોય તેવું ધ્યાન પર આવે તો તે તાત્કાલિક રદ કરી તેવા ઇસમો સામે અને ખોટા પ્રમાણપત્રો આપનાર અધિકારીઓ સામે શિસ્ત-વિષયક તથા ફોજદારી પગલાં પણ લેવા જોઇએ. આ બાબતમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તારીખ: ૨૫-૧૧-૨૦૦૨ ના પત્રક્રમાંક: ૨૦૧-૭૭૧-૨૦૦૨-બીસી, થી પણ દરેક રાજય સરકારને સૂચના આપવામાં આવેલ છે કે જાતિ પ્રમાણપત્ર ખૂબ જ અગત્યની અને ગંભીર બાબત હોઇ જરુરી તમામ બાબતોની ચોકસાઇ કર્યા વગર જાતિ પ્રમાણપત્ર આપી શકાય નહિ અને જે બાબતોના આધારે પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે તે આધારો મહેસુલી રેકર્ડના આધારે પ્રસ્થાપિત થયેલાં હોવા જોઇએ. સક્ષમ અધિકારીને જરુરી જણાય ત્યાં આ અંગે આધારભૂત તપાસ કરીને પછી જ જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

આ પરિસ્થિતિમાં રાજય સરકાર તથા ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ તથા પ્રમાણપત્ર આપવામાં / મેળવવામાં થતી ગેરરીતિઓ અંગેની ફરીયાદો તથા તેમાંથી ઉપસ્થિત થયેલ નામદાર સુપ્રિમકોર્ટ અને નામ. હાઇકોર્ટના નોંધપાત્ર વિવિધ ચૂકાદાઓમાં કરાયેલ અવલોકનો વગેરેને ધ્યાને લઇ આ સંદર્ભમાં આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવો અને પ્રવર્તમાન સૂચનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. તથા આ સૂચનાઓનો મૂળ હેતુ જળવાઇ રહે અને આ જોગવાઇઓનો દુરુપયોગ ના થાય જેથી પછાતવર્ગની વ્યક્તિઓ તેમના કાયદેસરના અધિકારો અને લાભોથી વંચિત ન રહી જાય તે રીતે આ હુકમોનો વધુ અસરકારક અમલ થઇ શકે તે માટે પ્રવર્તમાન નીતિમાં કેટલાક ફેરફારો તથા સુધારા-વધારા કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠ રા વ :</u>

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૫-૨-૭૯ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૨૩૪૮-(૭૯)-હ તથા ત્યારબાદ અવારનવાર કરાયેલ સુધારોઓથી વર્ગ-૧ / વર્ગ-૨ ના રાજયપત્રિત અધિકારીઓ સિવાયના નાયબ મામલતદાર સહિતની કોઇપણ વર્ગ-૩ ની વ્યક્તિઓને જાતિ

(૭) પછાત વર્ગો માટે મુકરર કરાયેલ લાભો અનઅધિકૃત વ્યક્તિઓ ગેરકાયદેસર રીતે મેળવી ન જાય તે માટે જાતિ પ્રમાણપત્રો આપવામાં ચોકસાઇ રાખવા રાજય સરકાર તથા નામ. અદાલતોએ પણ પ્રસંગોપાત તાકીદ કરેલી છે. શૈક્ષણિક કે સરકારી સેવા-વિષયક અનામતના લાભો મુકરર કરાયેલ ચોકકસ વર્ગો, જાતિઓને જ મળવા જોઇએ અને તેનો ગેરલાભ અન્ય જાતિની અનઅધિકૃત વ્યક્તિ / વર્ગો મેળવી ન જાય તે માટે ખોટા પ્રમાણપત્ર મેળવનાર કે ખોટા પ્રમાણપત્ર આપનાર અધિકારીઓ વિરુધ્ધ નિયમાનુસાર ખાતાકીય તથા ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવી. **આ હુકમોના અમલ પહેલાં યથાપ્રસંગે જે તે સ્થાયી હુકમો / સૂચનાઓને અનુલક્ષીને આવા પ્રમાણપત્રો અપાયા હોય** તેમાં પણ જરુરી પૂરતી ખરાઇ કે સ્પષ્ટતાના અભાવે તેવા પ્રમાણપત્રો ખોટા કે શંકાસ્પદ ઠરે તેવા કિસ્સાઓમાં આવી કાર્યવાહી કરતાં પહેલાં તે અંગેના વિગતવાર અહેવાલો સરકારમાં સંબંધકર્તા સક્ષમ અધિકારીને રજૂ કરાયા બાદ આવી શિસ્ત-વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવું.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે કરવાની અરજી તથા ચેકલીસ્ટ અંગેની વિગતોના નિયત નમૂના આ સાથે **પરિશિષ્ટ-૨** અને ૩ માં આપવામાં આવેલ છે. આ વિગતોને આધારે પૂરતી ખરાઇ કર્યા બાદ સક્ષમ અધિકારીએ આવા પ્રમાણપત્રો ( **પરિશિષ્ટ-૪** ) ના નમૂના મુજબ આપવામાં આવે તે જોવું.

આ સૂચનાઓને પરિણામે રાજય સરકારે આ સંદર્ભમાં અગાઉ વખતોવખત બહાર પાડેલ વિવિધ ઠરાવો, પરિપત્રો કે સૂચનાઓમાં તેટલા અંશે સુધારો થયેલ ગણીને તેવા હુકમોનો અમલ કરવાનો રહેશે. નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ તથા અન્ય સક્ષમ સત્તાધિકારીશ્રીઓએ આ સૂચનાઓનું યોગ્ય અને ચૂસ્તપણે પાલન થાય તેની તકેદારી રાખવા અને આ સૂચનાઓ સંબંધકર્તા સર્વેને જાણ સારું પરિપત્રિત કરવા પણ વિનંતી છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( પી.એમ.પટેલ )**
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મા.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મા.મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના અન્ય વિભાગો
- સચિવશ્રી, અન્ય પછાતવર્ગો માટેનું પંચ, બંગલા નંબરઃ ૨૨૮/એ -ખ, સેકટર-૧૯, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ( પત્ર દ્વારા)
- કમિશનર, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, બ્લોક નંબર-૯, પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ /રાજકોટ
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (વધુ ૧૦ નકલો સાથે )
- સર્વે જિલ્લા કલેકટરશ્રી તેમના તાબા હેઠળના અધિકારીઓને ધ્યાન પર લાવવાની વિનંતી સહ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
- વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઈલ

**સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ / ૧૪૦૨ / ૧૪૪૪ / અ સાથેના પરિશિષ્ટ.**

(૧) **પરિશિષ્ટ-૧**
(સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી)

(૨) **પરિશિષ્ટ-૨**
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકેનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી, બાંહેધરી, પહોંચનો નમૂનો.

(૩) **પરિશિષ્ટ-૩**
કચેરીના ઉપયોગ માટેનાં ચેકલીસ્ટ

(૪) **પરિશિષ્ટ-૪**
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકેનું પ્રમાણપત્ર( નમૂનો)

..............................................

....................................

કોઈ સત્તાધિકારી આવા જાતિ પ્રમાણપત્રો આપી શકશે નહિ તેવું ઠરાવવામાં આવે છે. આ હેતુસર નીચે દર્શાવેલ અધિકારીઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારી તરીકે અધિકૃત કરવામાં આવે છે :-

૧. કલેક્ટર / મદદનીશ કલેક્ટર / નાયબ કલેક્ટર
૨. જિલ્લા વિકાસ અધિકારી / નાયબ જિલ્લા વિકાસ અધિકારી.
૩. મામલતદાર
૪. તાલુકા વિકાસ અધિકારી
૫. જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ) તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ )

(૨) સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા. ૩૦-૬-૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૩-૧૦૩૯-અ ની જોગવાઇ મુજબ તા. ૧-૪-૧૯૭૮ પહેલાંથી ગુજરાતમાં કાયમી વસેલ હોય તેવા ગુજરાત બહારથી આવેલા જાતિ / વર્ગોને પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના પ્રમાણપત્રો આપવાનું ઠરાવ્યું છે તેમ છતાં, આ ઠરાવ પછી પણ મૂળ ગુજરાતના ન હોય પરંતુ ગુજરાત બહારથી આવીને ગુજરાતમાં વસેલા જાતિ / સમૂહોના અરજદારો દ્વારા પણ ગુજરાતની જાતિઓ જેવા તેમની જાતિઓના નામ હોવાથી ગુજરાતની પછાત વર્ગોની જાતિઓને મળતા લાભો મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ આવા જાતિના પ્રમાણપત્રો મેળવવા માટે પ્રયાસ કરતા રહે છે. આ બાબતે ભારત સરકાર તથા તે સંદર્ભમાં રાજય સરકારે અધિવાસ અંગે બહાર પાડેલી સૂચનાઓને અનુરુપ તારીખ: ૧-૪-૧૯૭૮ પહેલાંથી ગુજરાતમાં કાયમી નિવાસ ( Permanent Resident ) થયેલ હોય તેમને જ ગુજરાતના મૂળ વતની ગણીને જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ હેતુસર આવુ પ્રમાણપત્ર મેળવવા માગતી વ્યક્તિએ સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૧-૧૧-૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૮૬-૧૬૪૧-(૮૭)-અ તથા તા. ૩૦-૬-૧૯૯૪ ના રાજય સરકારના હુકમોની જોગવાઇ મુજબ મતદાર યાદી, રેશનકાર્ડ, ડોમીસાઇલ સર્ટીફીકેટ જેવા Probative value ધરાવતા આધાર પુરાવા રજૂ કરવાના રહેશે. જિલ્લા કલેકટરશ્રી તેમજ અન્ય સક્ષમ અધિકારીઓએ આવા પ્રમાણપત્રો આપતી વખતે આ સૂચનાઓ મુજબ પૂરતી ચોકસાઇ અને તકેદારી રાખવી.

(૩) સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૭-૧૧-૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૮-૧૧૩૧-અ થી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) વોર્ડન / અધીક્ષક / નાયબ તાલુકા વિકાસ અધિકારી / વિસ્તરણ અધિકારી (પંચાયત) ને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો / અરજદારોને આવકના પ્રમાણપત્રો માટે અધિકૃત કરાયેલ છે. એવી ફરીયાદો પણ જણાઇ છે કે ઉક્ત અધિકારી / કર્મચારીઓ જાતિના પ્રમાણપત્રો પણ આપે છે જે ખૂબ ગંભીર અને સત્તા બહારનું ગેરકાયદેસર કૃત્ય છે. આથી તાકીદ સાથે સ્પષ્ટતા કરવામાં આવે છે કે આવકના પ્રમાણપત્રો આપવા માટે તા. ૧૭-૧૧-૧૯૯૮ ના ઠરાવથી અધિકૃત

વિષયક તથા ફોજદારી પગલાં લેવામાં આવશે. આવકના આવા દાખલા પણ આ અંગેની જરુરી વિગતોની ખરાઇ કરાયા બાદ જ રેવન્યુ રેકર્ડના આધારે જ આપવાના રહેશે તે બાબત પણ સ્પષ્ટ કરવામાં આવે છે.

(૪) સમાજ કલ્યાણ વિભાગના તારીખઃ ૨૫-૬-૧૯૯૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૮-મ-૧૩૨-અ, થી મા. ધારાસભ્યશ્રી / મા. સંસદસભ્યશ્રી તેમના મતવિસ્તારમાં વસવાટ કરતાં ઉમેદવારો પૂરતા જાતિ અંગેના દાખલા આપે તો તેને આધારભૂત માની જાતિ પ્રમાણપત્ર આપવાનું ઠરાવાયું છે. તે જ રીતે, આ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ જાતિઓ, જૂથો કે રજીસ્ટર્ડ મંડળો પણ જાતિ અંગેના દાખલા આપે તો તેને પણ આધાર ગણીને જાતિ પ્રમાણપત્ર આપવાનું ઠરાવાયું છે. **તા. ૨૫-૬-૧૯૯૮ ના ઠરાવની આ જોગવાઈઓ પુખ્ત વિચારણાના અંતે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. આથી હવે આવા પત્રો માત્ર આનુષાંગિક સંદર્ભો તરીકે જ ગણવા અને સક્ષમ સત્તાધિકારીને સ્વતંત્રપણે સર્વથા સંતોષ થાય તો જ જરુરી રેકર્ડ તથા આધારભુત પુરાવાઓની પૂરતી ખરાઇ કર્યા બાદ જ જાતિ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી કરવી.**

(૫) રાજય સરકારની અવારનવારની વિસ્તૃત તથા સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં અનુભવે જણાયું છે કે જાતિ પ્રમાણપત્ર અપાયા બાદ તે અંગેનું મૂળભુત રેકર્ડ સંબંધિત સક્ષમ અધિકારીની કચેરીમાં સરકારના અગત્યના દસ્તાવેજ તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી સાચવવામાં આવતું નથી. પરિણામે જયારે આવું પ્રમાણપત્ર ખોટી રીતે અપાયાની રજૂઆત થાય અથવા અન્ય કારણોસર ખરાઇ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તેવા વહીવટી સંજોગોમાં સાચી હકીકતો યોગ્ય સમયે રજૂ કરી શકાતી નથી અને પ્રમાણપત્ર મેળવનાર કે પ્રમાણપત્ર આપનારની જવાબદારી નકકી કરવાનું મુશ્કેલ બને છે. આ સંજોગોમાં જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીએ જાતિ પ્રમાણપત્ર આપવા માટે પ્રત્યેક કિસ્સાની જરુરી રેકર્ડ ફાઇલ તૈયાર કરી કયા આધારે આ પ્રમાણપત્ર આપ્યું છે તે અંગેની **પ્રકરણ ફાઇલ કાયમી રેકર્ડ તરીકે સાચવવાની રહેશે.** અતિ મહત્વના ગણાતા આ સરકારી દસ્તાવેજોનું ડોકયુમેન્ટેશન તથા **રેકર્ડની જવાબદારી અને તે ચોકસાઈથી જળવાય તેની તકેદારી રાખવાની ફરજ સક્ષમ સત્તાધિકારી ઉપરાંત કચેરીના વડાની રહેશે.** કચેરીના વડાએ આવા પ્રમાણપત્રો આપવા માટે અવારનવાર રાજય તથા કેન્દ્ર સરકાર તરફથી પ્રસિધ્ધ કરવામાં આવતી માર્ગદર્શક સૂચનાઓ, હુકમો, આ સંદર્ભમાં ઉપયોગી જણાય તેવા નામદાર અદાલતોના ચૂકાદાઓ / અવલોકનો વગેરેની **અદ્યતન સિલેકટ ફાઇલ દરેક સક્ષમ અધિકારી અનિવાર્ય રીતે જાળવે તે જોવું.** ખાતા, કચેરીના વડાએ જિલ્લા કલેકટરશ્રી તથા નિયામકશ્રી, વિકસતી જાતિએ યથાપ્રસંગે તેમની અનુકૂળતા મુજબ સક્ષમ અધિકારીઓ આવું રેકર્ડ અદ્યતન રાખે તે માટે જરુરી માર્ગદર્શન આપવું અને જરુર જણાય ત્યાં સમયાંતરે આવા રેકર્ડનું નિરીક્ષણ પણ કરવું.

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખઃ ૯-૩-૨૦૦૦ ના ઠરાવ

# પરિશિષ્ટ - ૧

**ગુજરાત રાજ્યે જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી :**

| | |
|---|---|
| ૧. | આગ્રી |
| ૨. | આહીર, આયર-બોરીચા |
| ૨ (અ). | યાદવ |
| ૩. | બારોટ, વહીવંચા-ચારણ-ગઢવી |
| ૪. | બાફણ (મુસ્લિમ) |
| ૫. | (બાવચા) હવે અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરાયેલ છે. |
| ૬. | બાવરી અથવા બાઓરી |
| ૭. | બાવા, અતીત બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઇ, દશનામ ગોસ્વામી, રામાનંદી, બાવા/રામાનંદી સાધુ, પુરી, ભારતી, કાપડીયા, નાથબાવા, ભરથરી,માગી, ગંગાજલીઆ, દશનામી બાવા, ગિરી |
| ૮. | ભાલીઆ |
| ૯. | ભામટા, પરદેશી ભામટા |
| ૧૦. | ભરવાડ, મોટાભાઇ ભરવાડ, નાનાભાઇ ભરવાડ |
| ૧૦-અ. | કબારી, બારીયા મોટાભાઇ, ચોસલા, જનપદા ( જયાં તેઓ આદિવાસી ન હોય ) |
| ૧૧. | (ભીલ) હવે અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરાયેલ છે. |
| ૧૨. | ભોઇ, ભોઇરાજ, ઢીમર, ઝીંગાભોઇ, કેવટભોઇ, ભાનારાભોઇ, મછિન્દ્રભોઇ, પાલેવાર, ભોઇ, કિરાત ભોઇ, કહાર ભોઇ, પરદેશી ભોઇ, શ્રીમાળી ભોઇ |
| ૧૩. | ચારણ ગઢવી |
| ૧૩-અ. | ભાટ |
| ૧૪. | છારા, આડોડીયા સાંસી |
| ૧૫. | ચુનારા |
| ૧૬. | ચુંવાળીયા કોળી |
| ૧૭. | ડબગર |
| ૧૮. | દિવેચા કોળી |
| ૧૯. | ડફેર (હિન્દુ અને મુસ્લિમ) |
| ૨૦. | ધોબી |
| ૨૧. | ફકીર (મુસ્લિમ) |
| ૨૨. | ગધઇ (મુસ્લિમ) |
| ૨૩. | ગાડલીઆ અથવા ગાડી લુહારીયા |
| ૨૩-અ. | લુહારીયા/ લુવારીયા |
| ૨૪. | ગળીઆરા (મુસ્લિમ) |
| ૨૫. | ઘાંચી (મુસ્લિમ) |
| ૨૫-અ. | તેલી, મોઢ ઘાંચી |
| ૨૬. | ઘેરીયા કોળી |

| | |
|---|---|
| ૨૯. | જુલાયા, ગરાણા, તરીયા અને તરી (બધા મુસ્લિમ) |
| ૨૯-અ | જિલાયા (મુસ્લિમ) |
| ૨૯-બ | તરીયા-તાઇ / તરીયા (મુસ્લિમ), તરીયા-તાઇ (મુસ્લિમ) |
| ૩૦. | જત (મુસ્લિમ) |
| ૩૧. | કૈકાડી |
| ૩૨. | કાંબડીયા ભગત |
| ૩૩. | કાંગસીયા |
| ૩૪. | ખાટકી અથવા કસાઇ, ચામડીયા ખાટકી, હાલારી ખાટકી (બધા મુસ્લિમ) |
| ૩૫. | ખટીક |
| ૩૬. | ખાંટ |
| ૩૭. | ખારવા-ભાડેલા |
| ૩૮. | ખ્રિસ્તી, ગુજરાતી ક્રિશ્ચિયન (ફકત અનુસૂચિત જાતિઓમાંથી ધર્મ પરિવર્તન કરનાર ) |
| ૩૯. | કોળી, ઇંડરીઆ કોળી, ખારવા કોળી, રાઠવા કોળી, બારીયા કોળી, ઢેબરીયા કોળી |
| ૩૯-એ. | કોળી મલ્હાર, કોળી મહાદેવ અથવા ડોંગર કોલી ( જયાં તેઓ આદિવાસી ન હોય ) |
| ૪૦. | લબાના, મેહરાવત, ગોટી, હડકશી, ઝોડ, ઢીંગા, પેલ્યા, શાતબે, બામણ |
| ૪૧. | લોધા |
| ૪૨. | મીર, ઢાઢી, મિરાસી, લંઘા (બધા મુસ્લિમ) |
| ૪૩. | માછી (હિન્દુ) ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર |
| ૪૪. | મદારી, નાથ, ભરથરી |
| ૪૫. | માજોઠી કુંભાર, દરબાર અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ) |
| ૪૬. | મકરાણી (મુસ્લિમ) |
| ૪૭. | મતવા અથવા - મતવા કુરેશી (મુસ્લિમ), ગવલી (હિન્દુ) |
| ૪૮. | મે, મેતા |
| ૪૯. | મેણા (ભીલ) |
| ૫૦. | મેર |
| ૫૧. | મિયાણા (મુસ્લિમ) |
| ૫૧-(અ) | મિઆણા, મિયાણા (હિન્દુ) |
| ૫૨. | મોચી |
| ૫૩. | નટ, નટ-બજાણીયા, બાજીગર, નટડા |
| ૫૪. | ઓડ |
| ૫૫. | (પઢાર) હવે અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરાયેલ છે. |
| ૫૬. | પદમશાલી, પટ્ટુશાલી |
| ૫૭. | પિંજારા, ઘાંચી-પિંજારા, મન્સુરી-પિંજારા (બધા મુસ્લિમ) |
| ૫૭ (અ) | મનસારી (મુસ્લિમ) |

| | |
|---|---|
| ૬૦. | રાવળ, રાવળીયા, જતી અથવા રાવળ યોગી, જાગરીયા |
| ૬૦-અ | પડાત, રાવર, રાવલીયા |
| ૬૧. | સલાટ (સોમપુરા સલાટ સિવાયના), સલાટ ઘેરા |
| ૬૨. | સંધી (મુસ્લિમ) |
| ૬૨ (અ) | સંધી (હિન્દુ) |
| ૬૩. | સરાણીયા |
| ૬૪. | સરગરા |
| ૬૫. | શ્રવણ, સરવણ |
| ૬૬. | શિકલીગર |
| ૬૭. | સિદી |
| ૬૮. | સિપાઇ, પટણી જમાત અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ) |
| ૬૯. | તળપદા કોળી / તરબદા કોળી |
| ૭૦. | તનકર |
| ૭૧. | તરગાળા, ભવૈયા, નાયક, ભોજક |
| ૭૨. | ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા |
| ૭૨ (અ) | પાલનવાડીઆ |
| ૭૩. | ઠેબા (મુસ્લિમ) |
| ૭૪. | વાદી |
| ૭૪ (અ) | જોગી વાદી |
| ૭૫. | હરીજન વણકર અને ચમારના વહીવંચા ચારણ-ગઢવી |
| ૭૬. | વાળંદ, નાયી અને બાબર (હિન્દુ), હજામ (હિન્દુ) ખલીફા (મુસ્લિમ) |
| ૭૬ (અ) | વાલે (હિન્દુ) |
| ૭૭. | વણકર-સાધુ |
| ૭૮. | વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા |
| ૭૮ (અ) | વાંઝા (મૂળ સૌરાષ્ટ્રના વતની હોય ) |
| ૭૯. | વણઝારા, શિનાગવાળા અને કાંગસીવાલા (હિન્દુ) અને ફક્ત ડાંગ જિલ્લાના વણજારા (મુસ્લિમ) |
| ૭૯ (અ) | વણઝારા, ચારણ વણઝારા, મથુરા વણઝારા, મારુ વણઝારા, ભગોરા વણઝારા, કાગસીયા વણઝારા, બામણીયા વણઝારા, લાડોનીયા વણઝારા, ગાવરીયા અથવા ગાવલીયા રોહિદાસ વણઝારા |
| ૮૦. | વાઘરી, દાતણીયા વાઘરી, વેડુવાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડીયા વાઘરી, ચીભડીયા વાઘરી, મારવાડા અથવા મારવાડી વાઘરી |
| ૮૦ (અ) | વાઘરી ગમીચો, વેડવા ચુરાલીયા, જખુડીયા (જયાં તેઓ અનુસૂચિત જનજાતિના ન હોય ) |
| ૮૦ (બ) | વેડવા વાઘરી / વેળવા વાઘરી |
| ૮૧. | વાઘેર (હિન્દુ અને મુસ્લિમ) |
| ૮૨. | વાંઢારા |
| ૮૩. | આરબ |

| | |
|---|---|
| | આંજણા, આંજણા પટેલ, આંજણા પાટીદાર, આંજણા દેસાઇ, આંજણા કણબી, ચૌધરી પટેલ, ચૌધરી પાટીદાર |
| ૮૮. | ચામઠા |
| ૮૯. | ડકાલેરુ |
| ૯૦. | દેપાળા |
| ૯૧. | ઘંટીયા |
| ૯૨. | ઘાંચા |
| ૯૩. | ગલકદ્રા |
| ૯૪. | ગવલી |
| ૯૫. | હાટી |
| ૯૬. | જાચક |
| ૯૭. | કલહોડિયા |
| ૯૮. | કોટવાળ |
| ૯૯. | કુંભાર (બીયાર, કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ/સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રિય કડિયા, કડિયા કુંભાર, ક્ષત્રિય કડિયા, કડિયા |
| ૧૦૦. | ખરક |
| ૧૦૧. | ખવાસ |
| ૧૦૨. | કારડીયા-નાડોદા, ભાથી રાજપૂત, કારડીયા રાજપૂત, નાડોદ રાજપૂત |
| ૧૦૩. | ખસિયા |
| ૧૦૪. | મિસ્ત્રી, ગુજર મિસ્ત્રી રાઠોડ, મિસ્ત્રી સુથાર, સુથાર, સુતાર, સુથાર ગુર્જર, ગજ્જર સુથાર, ગુર્જર, મિસ્ત્રી સુતાર, લુહાર, પંચાલ, કડિયા, સુથાર |
| ૧૦૫. | મુંડા |
| ૧૦૬. | માધવીયા |
| ૧૦૭. | માળી /માળી રામી, મારવાડી માળી |
| ૧૦૮. | મૈયા / મહીયા |
| ૧૦૯. | પાલવાડીયા |
| ૧૧૦. | પઢારીયા |
| ૧૧૧. | પખાલી |
| ૧૧૨. | સંઘેડા |
| ૧૧૩. | શીગદવ અથવા શીગડીયા |
| ૧૧૪. | સોચી |
| ૧૧૫. | સુમરા (મુસ્લિમ) |
| ૧૧૬. | સગર |
| ૧૧૭. | સથવારા, સતવારા, કડીયા-સથવારા, કડીયા-સતવારા, દલવાડી અથવા કડીયા |
| ૧૧૮. | ઠાકુર (બિન રાજપૂત) |
| ૧૧૯. | ટીમાલી |
| ૧૨૦. | [illegible] |

| | |
|---|---|
| ૧૨૪. | કલાલ (મુસ્લિમ) |
| ૧૨૫. | જાગરી |
| ૧૨૬. | જોગી |
| ૧૨૭. | ભવૈયા (મુસ્લિમ) |
| ૧૨૮. | નિઝામા (હિન્દુ) |
| ૧૨૯. | ગડરીયા |
| ૧૩૦. | કમાલીયા-પુજારા |
| ૧૩૧. | ગારી |
| ૧૩૨. | સોરઠી |
| ૧૩૩. | કામળી |
| ૧૩૪. | તંબોળી |
| ૧૩૫. | ગરવી |
| ૧૩૬. | ગુરવ |
| ૧૩૭. | કલાલ (હિન્દુ) |

**<u>નોંધ :</u>**

(૧) ક્રમાંક: ૧ થી ૮૨ ની જ્ઞાતિ/ જાતિઓનો સમાવેશ બક્ષીપંચની ભલામણ અન્વયે તારીખ: ૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૯-૧૩૭૩૪-હ થી કરાયેલ છે.

(૨) ક્રમાંક: ૮૩ થી ૧૨૧ પરની જ્ઞાતિ/ જાતિઓનો સમાવેશ સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૫-૭-૯૪ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૪-૧૪૧૧-અ થી કરાયેલ છે.

(૩) ક્રમાંક: ૧૨૨ થી ૧૨૫ પરની જ્ઞાતિઓ/ જાતિઓનો સમાવેશ સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૯-૧૨-૯૫ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૫-સીએમ-૧૪૧-અ થી કરાયેલ છે.

(૪) ક્રમાંક: ૧૨૬ થી ૧૨૭ પરની જ્ઞાતિઓ/ જાતિઓનો સમાવેશ સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના તારીખ: ૧૦-૯-૯૬ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૫-ખા-૧૦૭-અ થી કરાયેલ છે.

(૫) ક્રમાંક: ૫, ૧૧ અને ૫૫ ની જ્ઞાતિઓ/ જાતિઓનો સમાવેશ અનુસૂચિત જનજાતિ તરીકે કરાયેલ હોઇ તે જ્ઞાતિઓ/ જાતિઓને આ યાદીમાંથી સરકારશ્રીના તારીખ: ૧૨-૬-૭૯ ના ઠરાવ ક્રમાં અકર-૧૦૭૯-૧૭૦૮૨-હ થી રદ કરાયેલ છે.

(૬) ક્રમાંક: ૧૨૮, ૧૨૯ અને ૧૩૦ પરની જાતિઓનો સમાવેશ સરકારશ્રીના તારીખ: ૧-૧૨-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૮-મુ.-૧૨૮-અ થી કરાયેલ છે.

(૮) ક્રમાંકઃ ૧૩૨ ની જ્ઞાતિનો સમાવેશ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩-૨-૨૦૦૧ ના ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૨૦૦૦-ખા.૧૫૨-અ થી કરેલ છે.

(૯) ક્રમાંકઃ ૧૩૩ અને ૧૩૪ ની જ્ઞાતિઓનો સમાવેશ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨-૬-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૦૨-મુમ-૩૪-અ થી કરેલ છે.

(૧૦) ક્રમાંકઃ ૫૨ પરની **'મોચી'** જ્ઞાતિને સરકારશ્રીના તા. ૨૭-૫-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૦૩- ૧૩૯-અ થી પુનઃ સમાવેશ કરેલ છે.

(૧૧) ક્રમાંકઃ ૧૩૫ થી ૧૩૭ ની જ્ઞાતિઓનો સમાવેશ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧-૨-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૦૫-મુમ-૪-અ થી કરેલ છે.

(પી.એમ.પટેલ)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત સરકાર.

( સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬-૬-૨૦૦૫ ના
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૦૨-૧૪૪૪-અ સાથેનું બિડાણ )

## પરિશિષ્ટ - ૨

## સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવવાની અરજી.

અરજદારનું નામ :
તેના પિતાનું નામ:
સરનામું : ..............................
..........................................
તારીખ :

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી,
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
( વિ.જા. ) ............................

વિષય :- જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગે.

માનનીય સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે મારે રાજય સરકારશ્રીએ જાહેર કરેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિઓ માટેની ૨૭ ટકા અનામત જગ્યામાં સરકારી યોજનાના લાભો, રાજય સરકારની નોકરીઓમાં નિમણુંક અને ઉચ્ચ ટેકનીકલ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં સરકારી ફી-સ્વનિર્ભર ફી વાળી જગ્યાઓમાં પ્રવેશ વગેરેના લાભ લેવાના હેતુ માટે, જરૂર હોઈ, મારી અરજીમાં જણાવેલ હકીકત તથા સાથે રજુ કરેલ જરૂરી આધાર પુરાવા, જાતિ પ્રસ્થાપિત કરતા આધારો વગેરે ધ્યાને લઈ રાજય સરકારશ્રીના તા. ૧-૪-૭૮ ના ઠરાવ અને તે પછીના વખતોવખતના ઠરાવો, પરિપત્રો તથા આ અંગે રાજય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ જણાયે મારી જાતિ ......................... પ્રસ્થાપિત થતી હોવાથી આપની કક્ષાએ જરૂર જણાયે તેવી ખરાઈ કરીને મને જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી છે. આ હેતુસર નીચે મુજબ નિયત નમુનામાં મારી વિગતો રજુ કરુ છું.

૧. અરજદારનું પુરૂ નામ અને સરનામુ :-

૨. અરજદારના પિતા / વાલીનું પુરૂ નામ :-

૩. અરજદારના માતાનું પુરૂ નામ :-

૪. કાયમી વતનનુ નામ :-

૭. અરજદારના કુટુંબના સભ્યોના નામની
ખેતી તથા અન્ય મિલ્કત :
તેમાંથી થતી અંદાજીત આવક :

૮. અરજદારના પિતાનું મૂળ વતન :

ગામ .................. તાલુકો .................. જિલ્લો ............... રાજ્ય .............

૯. મારી પેટા જાતિ : -

૧૦. મુળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે ?
( ગુજરાત રાજ્ય સિવાયના બીજા રાજ્યમાંથી સ્થળાંતરિત ગુજરાતમાં કાયમી વસવાટ ધરાવતા અરજદાર માટે )

૧૧. આ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ : -

(૧) ધોરણ ૧૦ પછી ધોરણ ૧૧ માં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકેની અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૨) ધોરણ ૧૨ પછીના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમમાં અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૭ ટકા અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૩) રાજ્ય સરકારશ્રીની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની અનામત જગ્યા પર સરકારી નોકરી મેળવવા.

(૪) રાજ્ય સરકાર / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વૈધાનિક ચુંટણીઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક ઉપર ઉમેદવારી કરવા માટે.

(૫) અન્ય કોઈ હેતુ ( સ્પષ્ટ કરવો )

૧૨. આ અગાઉ કોઇ પણ સક્ષમ અધિકારી પાસે જાતિ પ્રમાણપત્ર મળવા અરજી કરી હતી ?
જો હા, તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે ? જો ન આપેલ હોય તો તેના પ્રત્યુત્તરની નકલ અને વિગત.

૧૩. ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ ની પરીક્ષા પછી પ્રમાણપત્ર મેળવેલ હતું ? તો તેની વિગત.

૧૪. ધોરણ-૧ માં દાખલ થયેલા હતા તે પ્રાથમિક શાળાનું નામ ........................................
અને તે શાળા છોડયાનું પ્રમાણપત્રમાં જણાવેલ જાતિ ........................... ધોરણ- ૮ માં પ્રવેશ લીધેલ હાઈસ્કુલનું નામ ................................................... અને તેના જનરલ રજિસ્ટરમાં જાતિ ........................... છે. ધોરણ-૧૧ માં પ્રવેશ લીધેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું નામ .......................................... અને તેના શાળા રજીસ્ટર/ વયપત્રકમાં રજીસ્ટરમાં જાતિની નોંધમાં ................................ બતાવેલ છે.

૧૫. અરજદારના પિતા / માતાની જાતિ પેટા જાતિ અંગેની માહિતી.

(૧) પિતાનું નામ :

(૨) માતાનું નામ :

ઉંમર :

અભ્યાસ :

છેલ્લે શાળા / માધ્યમિક શાળાનું નામ સરનામું :

શાળા છોડયાના પ્રમાણપત્રમાં અને.જી.આર માં લખાયેલ જાતિ/પેટા જાતિ :

૧૬. અરજદારના કુટુંબના નીચેના સભ્યોને આ જાતિના પ્રમાણપત્ર મળેલ છે.

| ક્રમ. | નામ | સબંધ | પ્રમાણપત્ર નંબર તારીખ | આપનાર કચેરી/ અધિકારીનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

૧૭. જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થતા રજુ કરેલા સાચા સહજ આધાર પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.

(૧) અરજદારનુ છેલ્લી શાળાનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર.

(૨) અરજદારના પિતાનું છેલ્લી શાળા છોડયાનુ પ્રમાણપત્ર.

(૩) અરજદારના સરનામાં / રહેઠાણના આધાર માટે રેશનકાર્ડ / વિજળી બીલ / ઘરવેરો / ટેલિફોન બીલ પૈકીની નકલ.

(૪) અન્ય આનુષાંગિક આધારો.

૧.

૨.

૩.

૧૮. અરજદાર કે તેના કુટુંબનુ જાતિ પ્રમાણપત્ર કોઇ તબકકે રદ થયું હોય તો તેની વિગતો.

૧૯. અરજદાર કે તેના પિતાના શાળાના રેકર્ડમાં સુધારો કર્યો હોય તો તેની વિગતો.

**-: બાંહેધરી :-**

આથી હુ શ્રી .................................................................. અરજદાર, અને મારા પિતા/ માતા શ્રી ........................................................ બાંહેધરી આપીએ છીએ કે અમો એ રાજય સરકારશ્રીની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની અનામતની નીતિ અન્વયે સરકારી નોકરી તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની ટકાવારી સામે પ્રવેશ તથા અન્ય વિવિધ યોજનાઓના લાભો માટે આ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી છે. આ અરજીમાં જણાવેલ હકીકત તથા જાતિના રહેઠાણના સમર્થનમાં રજુ કરેલા દાર્શનિક પુરાવા તેના મુળ રેકર્ડ સાથે ખરાઇ કરતાં સાચા ન જણાય કે, અમે જણાવેલ હકીકતને તપાસમાં સમર્થન ન મળે અને અમે માત્ર અનામતનો લાભ લેવા માટે બદઇરાદાથી, આ હકીકત કે આધાર ઉભા કર્યાનું પ્રસ્થાપિત થાય તો રાજય સરકારશ્રી નિયમોનુસાર ફોજદારી ધારા હેઠળ અમારી સામે કાર્યવાહી હાથ ધરી શકાશે. સાથોસાથ પ્રમાણપત્ર મેળવ્યા પછી પણ કોઇ તબકકે અમારી હકીકત તથા આધાર પુરાવા બનાવટી, ખોટા કે અનામતનો લાભ લેવા માટે ઉભા કર્યા હોવાનું / સુધારાવધારા કરાવ્યા હોવાનું પૂરવાર થાય તો, પ્રમાણપત્રના આધારે મેળવેલ લાભો, રાજય સરકારશ્રી પરત લઇ લે, જરૂરી શિક્ષાત્મક પગલાં લેશે, તે અમને કબૂલ મંજૂર છે તેવી બાંહેધરી આપીએ છીએ, આ અંગેની તમામ સુચનાઓ વાંચી, સમજી વિચારીને આ અરજી કરીએ છીએ.

તારીખ: અરજદારની પુરી સહી ......................

( નામ:

પિતા/માતા /વાલીની પુરી સહી ................................

(જયાં લાગુ ન પડે તે ચેકી નાંખવુ)

---

ફાઇલ નં. .................................. તા. ............................

૧. પ્રમાણપત્રના અરજદારનું પુંરૂ નામ :

૩. પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હોય તો

નંબર / તારીખ :

૪. પ્રમાણપત્ર ન આપવામાં આવ્યું હોય તો

કારણ ટૂંકમાં તથા જવાબના પત્ર નંબર તારીખ:

અન્ય

વિગતો તૈયાર કરનાર કર્મચારીનુ નામ અને સહી          અધિકારીની સહી/સિક્કો



૩

pm2 .

## -: પહોંચ :-

આથી શ્રી ..................................................... સરનામુ ........................
.................................................................................................................................. નું
........................................... જાતિનુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનુ પ્રમાણપત્ર મેળવવા બાબતનુ તા. ................................ નુ અરજી પત્રક મળેલ છે.

સ્થળ :

તારીખ : કર્મચારીની સહી.

## પ રિ શિ ષ્ટ - ૩

### કચેરીના ઉપયોગ માટે ચેકલીસ્ટ

### સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનુ પ્રમાણપત્ર મેળવવા બાબત.

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ ના/ લાગુ પડતુ નથી. | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અરજીપત્ર(પરિશિષ્ટ-૧/૩૯) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | રહેઠાણનો પુરાવો | | |
| ૪ | અરજદારનું સ્કુલ લિવિંગ સર્ટિફીકેટ | | |
| ૫ | અરજદારના પિતાનુ સ્કુલ લિવિંગ સર્ટિફીકેટ | | |
| ૬ | જ્ઞાતિ અંગેના અન્ય પુરાવાઓ | | |
| ૭ | અન્ય દસ્તાવેજી પુરાવાઓ | | |
| ૮ | શાળાના જનરલ રજીસ્ટર, વયપત્રકના ઉતારાની નકલ તથા શાળાના નામ, સરનામાની વિગત | | |
| ૯ | ગુજરાત રાજયમાં તા.૧/૪/૧૯૭૮ પહેલાથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ. | | |
| ૧૦ | યુઝર ચાર્જ ભરપાઇ થયેલ છે ? | | |
| ૧૧ | જરુરી હોય તેવું એફીડેવીટ | | |

સ્થળ :

તારીખ : (અરજદારની સહી/નામ)

**ખાસ નોંધઃ- કોઈ મુદાની પૂર્તતા બાકી હશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજી પત્રક સિકાર્યુ

..........................

જનસેવા કેન્દ્ર ફરજના
કર્મચારીની સહી/ નામ/ સિકકો/ તારીખ.

( આધાર પુરાવા )

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે અરજી સાથે રજુ કરવાના થતા વિવિધ દસ્તાવેજી આધાર પુરાવા.

૧. જાતિ / પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવું અરજદારનુ શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૨. જાતિ / પેટા જાતિ સ્પષ્ટ થતી હોય તેવું અરજદારના પિતાનુ શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૩. અરજીમાં જણાવેલ જાતિ, પેટા જાતિ પ્રસ્થાપિત થઇ શકતી હોય તેવા આધારો જેમાં માતા, કાકા, ફોઇ, દાદા-દાદીના શાળા છોડયાનું પ્રમાણપત્ર કે તે આધાર જેવા જ સાચા સહજ આધાર પુરાવાનું મૂલ્ય ધરાવતાં કોઇપણ દસ્તાવેજી આધાર.

૪. અરજદારના પિતાના ધોરણ-૧ ના પ્રવેશ વખતે બતાવેલ જાતિ, પેટા જાતિ તે જ પ્રમાણે ધોરણ-૮ માં ધોરણ-૧૧ માં જે તે શાળા, માધ્યમિક શાળાના જનરલ રજીસ્ટર, વયપત્રકના ઉતારાની નકલ, તથા શાળાના નામ સરનામાની વિગત.

૫. જે તે જિલ્લાના રહેવાસી હોવાના આધાર તરીકે સસ્તા અનાજની દુકાન માટેનુ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, મતદાર ઓળખકાર્ડ, ટેલીફોન બીલ, ધરવેરાનું આકારણી બીલ વગેરે કોઇપણ.

૬. મૂળ ગુજરાત રાજયના રહેવાસી ન હોય તેવા અરજદારે ગુજરાત રાજયમાં તા.૧/૪/૧૯૭૮ પહેલાંથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ.

૭. જાતિ પ્રસ્થાપિત થતી હોય તેવા દસ્તાવેજી પુરાવા અથવા ( Probative value ) ધરાવતા અન્ય કોઇપણ આધાર.

૮. જરૂરી એફીડેવીટ .

**અગત્યની નોંધઃ- અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે સ્વયં આવવાનું રહેશે.**

સત્યમેવ જયતે

ફોટો

ગુજરાત સરકાર

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અંગેનુ પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે .............................. જિલ્લાના ........................................... તાલુકાના........................................ ગામના શ્રી ............................................................................................ ના પુત્ર / પુત્રી ....... ...................... ...................... પોતે .............................. જાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ નંબર / બકર/ ૧૦૭૮/ ૧૩૭૩૪/હ, તેમજ ત્યાર બાદના વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

સ્થળ :

તારીખ: અધિકારીશ્રીની સહી/ સિક્કો

કચેરીનું સીલ

રજૂ કરેલ આધારોની વિગત.

(૧)

(૨)

(૩)

(૪)

જરૂરી નં. વિજાક/

પ્રતિ,

................................

................................

................................

વિષય: જાતિ પ્રમાણપત્રની અરજી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયેની આપની તા. ...................... ની અરજી ધ્વારા .................... જાતિનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું અધિકૃત પ્રમાણપત્ર મેળવવા આપે રજુઆત કરી છે. અરજી સાથે આપે રજુ કરેલા પુરાવા સરકારશ્રીના આ અંગેના સ્થાયી હુકમો, સુચનો હેઠળ ચકાસણી કરતાં નીચે દર્શાવેલ કારણસર તમારી .................... જાતિ/ પેટા જાતિ પૂરવાર થતી નથી તેથી આપની અરજી દફતરે કરવામાં આવે છે.

(૧)

(૨)

આ નિર્ણયથી આપને સંતોષ ન થાય તો આ અંગે જરુરી આધાર / પુરાવા સાથે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪/૩, ગાંધીનગરને દિન-૩૦ માં રજુઆત કરી શકાશે.

અધિકારીની સહી/સિક્કો